## જે બી પ્રાથમિક શાળામાં જન્માષ્ટમીની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સંયુક્ત પ્રયાસથી દહીહાંડી અને જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય નીવાબેન પટેલ અને સ્ટાફ પરિવારે બાલકૃષ્ણને પારણે ઝુલાવી આરતી ઉતારી હતી અને હીંડોળાનાં ગીતો રજૂ કરી માહોલને કૃષ્ણમય બનાવી દીધું હતું. વિદ્યાર્થીઓએ પિરામીડ બનાવી દહીંહીંડી ફોડીને ઉત્સવની ઉજવણીના ઉત્સાહને ચરમ સીમાએ પહોંચાડ્યો હતો.

## એસ કે પટેલ સ્કૂલમાં નંદોત્સવની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં નંદોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકો કૃષ્ણ રાધા બનીને આવ્યા હતા.શિક્ષિકાઓએ બાળકોને કૃષ્ણ જન્મોત્સવ વિષે માહિતી આપી હતી.કૃષ્ણ આરતી કરીને મટકી ફોડવાનો કાર્યક્રમ રાખ્યો હતો. સ્કૂલનાં આચાર્ય દિપાલી જોશીએ બાળકોને કૃષ્ણ જન્મોત્સવ વિષે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે બાળકોએ અને શિક્ષકોએ ગરબા રમીને આનંદોત્સવ મનાવ્યો હતો.

## વાવોલની અલ્મા મેટર પ્રિસ્કૂલમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી કરાઈ



વાવોલ ખાતે કાર્યરત અલ્મા મેટર પ્રિસ્કૂલ ખાતે જન્માષ્ટમીની ઉજવણી ઉત્સાહી વાતાવરણમાં કરવામાં આવી હતી. બાળકોએ શ્રીકૃષ્ણના જન્મદિન નિમિત્તે કેક કાપીને આનંદ વ્યક્ત કર્યો હતો. શિક્ષકો દ્વારા શ્રીકૃષ્ણનાં વિવિધ સ્વરૂપો અને લીલા વિશે બાળકોને માહિતી આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



ગણપતભાઈ કે જોષી
બ્યુરો ચીફ, બનાસકાંઠા
ગાંધીનગર સમાચાર
મો. ૯૩૭૫૦ ૭૬૦૬૧



ભર્ગદેવ ભટ્ટ
મો. ૯૪૨૯૮ ૯૧૬૨૯



રક્ષિતાબેન ઉપાધ્યાય
લાયોનેસ કલબ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી એમ પટેલ કુમાર અને શ્રીમતી એચ વી પટેલ કન્યા બાલમંદિર ખાતે જન્માષ્ટમી ઉત્સાહપૂર્ણ રીતે ઉજવવામાં આવી હતી. બાળકોએ મનોહર વેશભૂષા ધારણ કરીને પરિસરને રંગીન બનાવી દીધું હતું. કનૈયાની બાળલીલાઓની પ્રસ્તુતિ કરીને બાળકોએ જાણે શ્રીકૃષ્ણને સાચેસાચ અવતરિત કરી દીધા હતા. લલિતકલા એકેડેમીના આચાર્ય દીનાબેન ડોડીયા અને બાલમંદિરનાં સુપરવાઈઝર મીનાક્ષીબેન દ્વારા શ્રીકૃષ્ણની આરતી ઉતારવામાં આવી હતી.

## જે એમ ચૌધરી કન્યા વિદ્યાલયની પિકનીક



જે એમ ચૌધરી કન્યા વિદ્યાલય દ્વારા પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. વિદ્યાલયનાં આચાર્ય રમીલાબેન ચૌધરીના વડપણ હેઠળ આ પ્રવાસ પર્યટન સમિતિ દ્વારા યોજવામાં આવ્યો હતો. સેક્ટર-૯ના સરિતા ઉદ્યાન ખાતે આ પિકનીકનું આયોજન કરવામાં આવ્યું હતું. પિકનીક દરમિયાન વિવિધ રમતો તથા શાળાકીય પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંલગ્ન એસ એસ પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન અને આર એચ પટેલ ઈંગ્લિશ મીડિયમ બીએડ કોલેજમાં જન્માષ્ટમીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી. ફેકલ્ટી ઓફ એજ્યુકેશનનાં ડીન પ્રો. વીણાબેન પટેલ, ડૉ. જિજ્ઞાસાબેન જોષી, ડૉ. કુસુમબેન યાદવ અને અધ્યાપકો પણ આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ સાથે જોડાયાં હતાં.



એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત મણિબેન એમ.પી. શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીના સંસ્કૃત વિભાગ દ્વારા સોમવારે શિવ-મહિમા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા શિવ-વંદના તથા શિવ-વિષયક અનેક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. કોલેજનાં આચાર્ય ડૉ. હિનાબેન પટેલે શિવ- પાર્વતી વિષયક પૌરાણિક કથાના નિર્દેશ દ્વારા શિવ-મહિમાની ઝલક આપી તથા પ્રા. ડૉ. એમ.પી.પટોલીયાએ શિવના અર્ધનારી નટેશ્વર સ્વરૂપની વાત સાથે સ્ત્રી સશક્તિકરણ પર પણ પ્રકાશ પાડ્યો હતો. શિવ- પુરાણનું પૂજન તથા શિવપૂજન પણ કરવામાં આવ્યું. સંસ્કૃત વિભાગાધ્યક્ષ ડૉ. વંદનાબેન એસ. ઠક્કરના માર્ગદર્શન અને સંચાલન હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

## શ્રીમતી એમ બી પટેલ કન્યા શાળામાં જન્માષ્ટમી પર્વની ઉત્સાહી ઉજવણી કરાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં જન્માષ્ટમી પર્વ નિમિત્તે કૃષ્ણ જન્મોત્સવ અને મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ધોરણ-૧ અને ૨ની વિદ્યાર્થિનીઓ દ્વારા કૃષ્ણભક્તિ આધારિત ડાન્સ, ધોરણ-૮ની વિદ્યાર્થિનીઓ દ્વારા રાસ-ગરબાની રજૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન માયાબેન કે પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખાદીનો જન્મ

સન ૧૯૦૮ સુધીમાં રેંટિયો કે સાળ મેં જોયાં હોય એવું મને સ્મરણ નથી. છતાં 'હિંદ સ્વરાજ'માં રેંટિયાની મારફતે હિન્દુસ્તાનની કંગાલિયત મટે એમ મેં માન્યું. ને જે રસ્તે ભૂખમરો ભાગે તે રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે એવી વાત ગણાય. સન ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી દેશમાં આવ્યો ત્યારે પણ મેં રેંટિયાનાં દર્શન તો ન જ કર્યાં. આશ્રમ ખોલ્યું એટલે સાળ વસાવી. સાળ વસાવતાં પણ મને બહુ મુશ્કેલી આવી. અમે બધાં કલમ ચલાવનાર કે વેપાર કરી જાણનાર ભેળા થયા હતા; કોઈ કારીગર નહોતા.એટલે સાળ મેળવ્યા પછી વણાટકામ શીખવનારની જરૂર હતી. કાઠિયાવાડ અને પાલણપુરથી સાળ મળી ને એક શીખવનાર આવ્યો. તેણે પોતાનો બધો કસબ ન બતાવ્યો. પણ મગનલાલ ગાંધી લીધેલું કામ ઝટ છોડે તેવા નહોતા. તેમના હાથમાં કારીગરી તો હતી જ, એટલે તેમણે વણવાના હુન્નરને પૂરો જાણી લીધો, ને એક પછી એક એમ આશ્રમમાં નવા વણકરો તૈયાર થયા.

ગાંધીયાત્રા

અમારે તો અમારાં કપડાં તૈયાર કરીને પહેરવાં હતા. તેથી મિલનાં કપડા પહેરવાનું હવે બંધ કર્યું, ને હાથસાળમાં દેશી મિલના સૂતરમાંથી વણાયેલું કાપડ પહેરવાનો આશ્રમવાસીઓએ ઠરાવ કર્યો. આમ કરવામાં અમને ઘણું શીખવાનું મળ્યું. હિન્દુસ્તાનના વણકરોનાં જીવનની,તેમની પેદાશની, તેમને સૂતર મળવામાં પડતી મુશ્કેલીની, તેમાં તેઓ કેમ છેતરાતા હતા તેની, ને છેવટે તેઓ દિવસે દિવસે કરજદાર થતા હતા તેની ખબર પડી. અમે પોતે તુરત અમારું બધું કાપડ વણી શકીએ એવી સ્થિતિ તો નહોતી જ , તેથી બહારના વણકરોની પાસે અમારે જોઈતું કપડું વણાવી લેવાનું હતું. કેમ કે દેશી મિલના સૂતરનું હાથે વણાયેલું કપડું વણકરો પાસેથી ઝટ મળે તેમ નહોતું.વણકરો સારું કપડું બધું વિલાયતી સૂતરનું જ વણતા હતાં. કેમ કે આપણી મિલો ઝીણું સૂતર નહોતી કાંતતી. આજ પણ પ્રમાણમાં ઝીણું સૂતર તે ઓછું જ કાંતે છે, બહુ ઝીણું તો કાંતી જ શકતી નથી. મહા પ્રયત્ને કેટલાક વણકરો હાથ આવ્યા, જેમણે દેશી સૂતરનું કાપડ વણી આપવાની મહેરબાની કરી. આવણકરોને દેશી સૂતરનું વણેલું કાપડ ખરીદી લેવાની આશ્રમ તરફથી ખોળાધરી આપવી પડી હતી. આમ ખાસ તૈયાર કરાવેલું કાપડ વણાવી અમે પહેર્યું ને મિત્રોમાં તેનો પ્રચાર કર્યો. (ક્રમશઃ)



'સત્યના પ્રયોગો'માંથી સાભાર

### કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે

## કૃષિ વૈજ્ઞાનિકો માટે સજીવખેતીની એક દિવસીય કાર્યશાળા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૬

જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે કૃષિ વૈજ્ઞાનિકો માટે સજીવખેતી વિષય પર એક દિવસીય કાર્યશાળા યોજાયેલ. આ કાર્યક્રમમાં વિસ્તરણ નિયામક ડો. વી. ટી. પટેલે ઉપસ્થિત રહી જણાવેલ કે આજના સમયમાં જયારે રસાયણયુક્ત ખાદ્યપધાર્થોથી સ્વાસ્થ્ય સંબંધિત બીમારીઓ દિવસે ને દિવસે વધતી જાય છે ત્યારે ભવિષ્યમાં સજીવખેતીની જરૂરિયાત અને માંગ પણ વધશે તેમજ સજીવખેતી કરતા ખેડૂતોને ફાયદો પણ થશે. આ કાર્યક્રમમાં દાંતીવાડા કૃષિ વિશ્વ વિદ્યાલયના વૈજ્ઞાનિકો દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારીઓને સજીવખેતીમાં ઉપયોગી કૃષિ ઈનપુટો, પાક ઉત્પાદન, રોગ જીવત નિયંત્રણ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે કેન્દ્રના સજીવખેતી ફાર્મ અને પ્રોસેસિંગ યુનિટની મુલાકાત પણ કરવામાં આવી હતી.

## જીટીયુ પરીક્ષાનાં પરિણામમાં સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઝળહળી




ગાંધીનગર ઝોનની સુવિખ્યાત ઈજનેરી કોલેજ સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી - એસપીબી પટેલ એન્જિનીયરિંગ કૉલેજે ફરી એકવાર જ્વલંત સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી 'સમર-૨૦૧૯'ની ચોથા સેમેસ્ટરની પરીક્ષાઓમાં સેફ્રોની કોલેજે સમગ્ર ગુજરાતની ૧૦૯ ઈજનેરી કોલેજોમાં ૭મું સ્થાન અને ગાંધીનગર ઝોનની કોલેજોમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. કોલેજના અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓની મહેનત અને સંસ્થાના મેનેજમેન્ટના સતત પ્રોત્સાહક વલણના ફળસ્વરૂપ આ ઝળકતી સિદ્ધિ હાંસલ થઈ શકી છે. અહી એ ઉલ્લેખનીય છે કે ગત સેમેસ્ટરોમાં પણ સેફ્રોની ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી - એસપીબી પટેલ એન્જિનીયરિંગ કૉલેજે ગાંધીનગર ઝોનમાં પ્રથમ રહી યુનિવર્સિટી કક્ષાએ ૧૨મો અને ૯મો ક્રમ મેળવ્યા છે.

પરિણામની વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, કોમ્પ્યુટર વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ કુંદન પ્રજાપતિ અને સંકલ્પ ગુપ્તાએ ૧૦માં થી ૧૦ એસપીઆઈ હાંસલ કરી પરફેકટ સ્કોર મેળવ્યો છે. ઉપરોકત સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી અને પ્રિન્સિપાલે તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફને બિરદાવી અભિનંદન આપ્યા હતા.